# 16 તપસ્વી સારસ્વત

- ચંદ્રકાન્ત શેઠ

**નીચેના દરેક પ્રશ્નના ઉત્તર એક વાક્યમાં લખોઃ**

1. સાહિત્યજગત કેશવરામ શાસ્ત્રીને કયા નામથી ઓળખે છે?

2. મુંબઈવાસ દરમિયાન શાસ્ત્રીજીને કઈ કઈ તાલીમ મળી?

3. શાસ્ત્રીજી 'પ્રજાબંધુ' સામયિકમાં કઈ બે કૉલમો લખતા?

4. શાસ્ત્રીજીનો જીવનસિદ્ધાંત કયો હતો?

5. શાસ્ત્રીજીને શતાયુ શાથી કહેવામાં આવે છે?

**નીચેના દરેક પ્રશ્નના ઉત્તર ત્રણ-ચાર વાક્યમાં લખોઃ**

1. 'કોશકાર્ય શાસ્ત્રીજીનું પ્રિય કાર્ય હતું' એમ શાથી કહી શકાય?

2. શાસ્રીજીના બાહ્ય દેખાવનું વર્ણન કરો.

3. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ દરમિયાન જ શાસ્ત્રીજીએ કયા-કયા ગ્રંથોનો અભ્યાસ કરી લીધો હતો?

4. ગુજરાત વિદ્યાસભામાં જોડાઈને શાસ્ત્રીજીએ કયાં-કયાં લેખનકાર્યો કર્યાં?

5. શાસ્ત્રીજીનાં સંશોધન-સંપાદનની વિગતો આપો.

6. 'શાસ્ત્રીજીનું જીવન સરળતા અને સાદાઈનું ઉત્તમ દૃષ્ટાંત હતું' એમ શાથી કહી શકાય?

**નીચેના દરેક પ્રશ્નોના ઉત્તર સો શબ્દોમાં લખોઃ**

1. કે. કા. શાસ્ત્રીને 'તપસ્વી સારસ્વત' શાથી કહી શકાય?

2. 'સાહિત્યસેવી શાસ્ત્રીજી' નોંધ તૈયાર કરો.

3. કે. કા. શાસ્ત્રીજીનું પાત્રાલેખન કરો.

**નીચેના દરેક પ્રશ્નોના પૂરા વાક્યમાં જવાબ આપો :**

1. 'તપસ્વી સારસ્વત'નું સાહિત્યસ્વરૂપ જણાવો.

2. 'તપસ્વી સારસ્વત' એકમના લેખકનું નામ લખો.

**નીચેનાં વાક્યોમાં રેખાંકિત શબ્દમાં યોગ્ય પ્રત્યય મૂકી અર્થ બદલાય નહિ તે રીતે વાક્ય ફરી લખોઃ**

1. સંશોધનથી કાર્ય શાસ્ત્રીજીનું પ્રિય કાર્ય હતું.

2. શાસ્ત્રીજી વપરાયેલી ટિકિટમાં રદ કરવાની કાળજી લેતા.

**નીચેનાં વાક્યો માગ્યા પ્રમાણે પરિવર્તન કરીને લખોઃ**

1. શાસ્ત્રીજી મેટ્રિક થયા. (કર્મણિવાક્ય બનાવો.)

2. પાલીની બે પરીક્ષાઓમાં તેઓ ઉત્તીર્ણ થઈ ચૂક્યા હતા. (ભાવેવાક્ય બનાવો.)

3. શાસ્ત્રીજી મેટ્રિક થયા પછી મુંબઈ ગયા. (વાક્યમાં વિધેયખંડ કયો છે?)

4. ઓછામાં ઓછો પરિગ્રહ અને વધુમાં વધુ વિદ્યાસંગ્રહ એ એમનો આદર્શ હતો. (આ વિધાનમાં સંયોજક શોધો.)

**નીચેનાં વિધાનોને લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સુધારોઃ**

1. બૌદ્ધ પાલિની બે પરિક્ષા તેમને ઉતીરણ કરી હતી.

2. શાસ્ત્રીજી શીલને તપના સંનિષ્ટ ઉપાસક હતા.

3. શાસ્ત્રીજીની સેવા નો સાર્વત્રિક સમાદર થઇ.

**નીચેના દરેક શબ્દના બે-બે સમાનાર્થી શબ્દો લખોઃ**

1. દૃષ્ટાંત - ______ ______
2. સત્કાર - ______ ______
3. આનંદ - ______ ______

**નીચેના શબ્દોનો અર્થભેદ દર્શાવો.**

1. ચાલી - ______ ______
2. વાટ - ______ ______
3. કસ - ______ ______

**નીચેનાં વાક્યોના રેખાંકિત શબ્દને સ્થાને વિરોધી શબ્દ મૂકી વાક્યનો અર્થ બદલાય નહિ તે રીતે વાક્ય ફરી લખોઃ**

1. સ્વાસ્થ્ય માટે મુંબઈનું વાતાવરણ પ્રતિકૂળ જણાયું.

2. શાસ્ત્રીજી સતત કાર્યશીલ રહેતા.

3. કોશકાર્ય શાસ્ત્રીજીનું પ્રિય ક્ષેત્ર હતું.

4. આવા વિદ્વાનની પાછળ-પાછળ સન્માનો આવે તે <u>સહજ</u> છે.

___

5. શાસ્ત્રીજીનું <u>ટૂંકી</u> માંદગી પછી અવસાન થયું.

___

**નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો:**

1. હાથ વડે લખેલી પ્રત - ___
2. જેનો કોઈ શત્રુ નથી તેવો - ___
3. શબ્દની મૂળ ઉત્પત્તિ - ___
4. જરૂર જેટલું જ બોલનાર - ___

**નીચેનાં વાક્યોમાં અલ્પવિરામ યોગ્ય જગ્યાએ મૂકીને વાક્ય ફરીથી લખો:**

1. બાળકો સંભાળપૂર્વક, ધીરે ધીરે ડુંગર ચઢજો.

___

2. અહીં બેસવું, નહિ બેસનારને સજા થશે.

___

3. તમે મુંઝાશો, નહીં તો પ્રગતિ થશે.

___

4. તું જમી લે બધાંને, પણ જમાડી દે.

___

•